RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✳Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✳ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✳ Volume : 11 ✳ Issue No. 134 ✳ Date: 05.03.2025,Wednesday ✳ Page :04 ✳ Rs. 1.00/- ✳ Annual Rs. 351/-




# કોઈને 'મિયાં-તિયાં, પાકિસ્તાન' કહેવું ખોટું પણ ગુનો નથીઃ સુપ્રીમ કોર્ટનો ચુકાદો



સુપ્રીમ કોર્ટે હાલમાં જ એક કેસમાં સુનવણી કરતાં કહ્યું કે, કોઈને મિયાં- તિયાં અથવા પાકિસ્તાની કહેવું ગુનો નથી. કોર્ટ એમ પણ કહ્યું કે, આ ભલે ખોટું હોય, પરંતુ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૨૯૮ હેઠળ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાવી ગુનો નથી. આ IPC કલમ ૨૯૮ હેઠળ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા બરાબર ગુનો નથી. સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપતાં 'હરિ નંદન સિંહ વિરુદ્ધ રાજસ્થાન ' કેસમાં આ આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે. કોર્ટે ભારતીય દંડ સંહિતા કલમ ૨૯૮ (જાણી જોઈને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના ઈરાદે શબ્દો આદિ બોલવા ) હેઠળ ગુનો કે આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અપીલકર્તા પર આરોપ હતો કે, તેણે શખસને 'મિયાં- તિયાં ' અને 'પાકિસ્તાની' કહીને તેની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડી છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે ૧૧ ફેબ્રુઆરીના રોજ આ ચૂકાદો આપ્યો હતો. આરોપી પર આરોપ હતો કે તેણે સરકારી ફરજો બજાવતી વખતે એક સરકારી કર્મચારીને 'પાકિસ્તાની' કહ્યો હતો.



## તંત્રી લેખ...

# ભારતીય સ્ટાર્ટઅપ્સે ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૫,૦૦૦ કરોડ એકત્ર કર્યા

ભારતીય સ્ટાર્ટઅપ્સે ફેબ્રુઆરી ૨૦૨૫માં ૮૩.૨ મિલિયન ડોલર એટલે કે અંદાજે ૭૫૦ કરોડ રૂપિયાના સરેરાશ વેલ્યુએશન સાથે કુલ ૧.૬૫ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. ટ્રેક્સનના ડેટા અનુસાર વૈશ્વિક અનિશ્ચિત્તાઓ અને ઈક્વિટી માર્કેટમાં ભારે તોડફોડ વચ્ચે પણ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર રોકાણકારોનો વિશ્વાસ મજબૂત રહ્યો છે અને તેના કારણે જ લગભગ રૂ. ૧૪,૪૧૮ કરોડનું ભંડોળ એકત્ર થયું છે.ફેબ્રુઆરીના ૧.૬૫ અબજ ડોલર સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૫માં એપ્રિલથી ફેબ્રુઆરી સુધીમાં કુલ ભંડોળ એકત્રિકરણ ૨૫.૪ અબજ ડોલર થયું છે. આ ફંડિંગ કુલ ૨૨૦૦ રાઉન્ડમાં ઉભું કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી, ૨૦૨૫નો આંકડો જાન્યુઆરી, ૨૦૨૫ના કુલ ફંડ રેસિંગ ૧.૩૮ અબજ ડોલરની સામે ૧૯.૫ ટકાનો વધારો દર્શાવે છે, જોકે વાર્ષિક ધોરણે ફેબ્રુઆરી, ૨૦૨૪ના ૨.૦૬ અબજ ડોલરથી ઓછી રહી હતી.ભારતીય સ્ટાર્ટઅપ્સે ૨૦૨૪ દરમિયાન કુલ ૩૦.૪ અબજ ડોલરનું ભંડોળ એકત્ર કર્યું, જે ૨૦૨૩ના સિક્યોર્ડ ૩૨.૫ અબજ ડોલર કરતાં ૬.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે.દેશની સ્ટાર્ટઅપ રાજધાની ગણાતા બેંગ્લોરમાં એન્ટપ્રોન્યોર્સે ૩૫.૩ કરોડ ડોલરનું ભંડોળ મેળવ્યું છે અને એવરેજ રાઉન્ડ કદ ૨૦ લાખ ડોલરનો હતો. મુંબઈમાં રહેતા ઉદ્યોગસાહસિકોએ કુલ ૧૦.૨ કરોડ ડોલરનું ભંડોળ મેળવ્યું હતું, પરંતુ સરેરાશ એવરેજ રાઉન્ડ સાઈઝ ૫૦ લાખ ડોલર હતી.ફેબ્રુઆરીમાં ફિનટેક ફર્મ ઓક્સીઝોએ પરંપરાગત દેવા થકી ૧ અબજ ડોલર એકત્ર કર્યા હતા.

# મોદીએ વનતારાનું લોકાર્પણ કર્યું: સિંહ, વાઘ, જિરાફ વચ્ચે પસાર કર્યો સમય





વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે હતા. ગુજરાત પ્રવાસ દરમિયાન તેમણે જામનગરના વનતારામાં વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. વનતારામાં દોઢ લાખથી વધુ પશુ-પક્ષીઓને બચાવીને તેનો કુદરતી વાતાવરણમાં ઉછેર કરાઈ રહ્યો છે. અહીં વડાપ્રધાન મોદીએ જુદી જુદી પ્રજાતિના પશુ-ક્ષીઓને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. એટલું જ નહીં, વડાપ્રધાન મોદીએ એશિયાટિક સિંહબાળ, સફેદ સિંહબાળ, દુર્લભ દીપડાના બચ્ચાંને રમાડીને તેમને ભોજન પણ કરાવ્યું હતું. આ દરમિયાન તેમણે વાઈલ્ડલાઈફ હૉસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. આ હૉસ્પિટલમાં પ્રાણીઓને ઉત્તમ સારવાર મળી રહે તે માટે વાઈલ્ડલાઈફ કાર્ડિયોલૉજી, નેફ્રોલૉજી, એન્ડોસ્કોપી સહિતના વિભાગો બનાવાયા છે,વનતારા હૉસ્પિટલની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ સ્ઈંમાંથી પસાર થઈ રહેલા એશિયાટિક સિંહને નિહાળ્યો હતો. આ ઉપરાંત પ્રાણીઓને કઈ રીતે સારવાર અપાય છે તેનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ઓપરેશન થિયેટરની પણ મુલાકાત લીધી હતી, જ્યાં દીપડાને સારવાર અપાઈ રહી હતી. આ દીપડો હાઈવે પર કાર સાથે ટક્કર બાદ ઈજાગ્રસ્ત થયો હતો, જેથી તેને રેસ્ક્યુ કરી વનતારામાં લવાયો હતો. વનતારામાં રેસ્ક્યુ કરીને લવાયેલા એશિયાટિક સિંહ, એકશિંગી ગેંડા સહિતના પ્રાણીઓને વનતારામાં અનુકૂળ પ્રાકૃતિક વાતાવરણ અપાય છે. અહીં વડાપ્રધાન મોદીએ ગોલ્ડન ટાઈગર, સફેદ સિંહ, દીપડાને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. અહીં સર્કસમાંથી રેસ્ક્યુ કરાયેલા ચાર સ્નો ટાઈગર પણ તેમણે નિહાળ્યા હતા. અહીં વડાપ્રધાન મોદીએ હેણોતરો પણ જોયો હતો, જે હાલ ભારતમાં ખૂબ જ ઓછું જોવા મળે છે. આ પ્રાણી ગુજરાતમાં ગશ અને શિયાગશ નામે જાણીતું છે. વનતારામાં હેણોતરોની સંખ્યા વધારવા માટે તેમને ખાસ બ્રીડિંગ પ્રોગ્રામ હેઠળ રખાય છે અને બાદમાં જંગલમાં છોડી મૂકાય છે.

આ અનોખી મુલાકાતમાં વડાપ્રધાન મોદીએ ઓકાપી(આફ્રિકન પ્રાણી)ને થપથપાવી વ્હાલ કર્યું હતું. ચિમ્પાન્ઝી નિહાળ્યા તથા ઉરાંગઉટાંગને ગળે લગાવ્યા હતા. તેમણે ખૂબ નજીકથી પાણીની અંદર તરતાં હિપ્પોપોટેમસ અને મગર નિહાળ્યા હતા. જિરાફ, ઝિબ્રાના ઝૂંડ વચ્ચેથી પસાર થયા હતા અને ગેંડાના બચ્ચાને પણ ભોજન ખવડાવ્યું હતું. આ ગેંડાનું બચ્ચું તેની માતાના નિધન બાદ અનાથ થઈ ગયું હતું. અહીં વડાપ્રધાન મોદીએ મોટો અજગર, બે માથાવાળો સાપ, બે માથાવાળો કાચબો પણ જોયો હતો, જેમને ખેતરોમાંથી રેસ્ક્યૂ કરાયા હતા. આ ઉપરાંત તેમણે અહીં રેસ્ક્યૂ કરાયેલી જળબિલાડી, સીલ અને કાળિયાર પણ નિહાળ્યા હતા, તો ખાસ જકૂઝીમાં સ્નાન લઈ રહેલા હાથીઓ પણ જોયા.

# ટ્રમ્પનો ક્રિપ્ટો પ્રેમ: બિટકોઈન સહિત પાંચ કરન્સીને રિઝર્વમાં આવરી લેવાની જાહેરાત



મુંબઈ : ક્રિપ્ટોસના ખેલાડીઓ જેની લાંબા સમયથી રાહ જોતા હતા તેવા મતલબનું નિવેદન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી આવી પડતા સપ્તાહના પ્રથમ દિવસે ક્રિપ્ટો માર્કેટમાં લાંબા સમય બાદ મોટો સુધારો જોવા મળ્યો હતો. બિટકોઈન, એકસઆરપી, સોલાના, કારડાનો અને એથરમને અમેરિકાના ક્રિપ્ટો સ્ટ્રેટેજિક રિઝર્વમાં સમાવી લેવાશે તેવી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ છેલ્લા ચોવીસ કલાકમાં ક્રિપ્ટો માર્કેટસમાં ક્રિપ્ટો કરન્સીસના ભાવમાં ૧૦થી ૬૦ ટકાનો જોરદાર ઉછાળ આવ્યો હતો.કારડાનોમાં ૬૦ ટકા વધી ઉપરમાં ૧.૧૬ ડોલર જોવાયો હતો. જ્યારે એકસઆરપી ૩૫ ટકા વધી ૨.૯૯ ડોલર, સોલાના ૧૮ ટકા વધી ૧૬૯.૮૮ ડોલર જોવાયો હોવાનું ક્રિપ્ટો એકસચેન્જ બિનાન્સના ડેટા જણાવે છે. બિટકોઈન ઉપરમાં ૯૫૧૩૬ ડોલર અને નીચામાં ૮૫૧૪૩ ડોલર થઈ મોડી સાંજે ૯૧૦૦૦ ડોલરની સપાટીએ કવોટ થતો હતો. એથરમનો ભાવ ૨૫૪૯ ડોલર થઈ મોડી સાંજે ૨૩૪૪ ડોલર કવોટ થતો હતો. ડિજિટલ એસેટસ પરના મારા એક્ઝિક્યૂટિવ ઓર્ડરમાં પ્રેસિડેન્સિઅલ વર્કિંગ ગ્રુપને ક્રિપ્ટો સ્ટ્રેટેજિક રિઝર્વ ઊભું કરવા નિર્દેશ અપાયો છે. હું ખાતરી રાખીશ કે, અમેરિકા વિશ્વનું ક્રિપ્ટો કેપિટલ બની રહે એમ ટ્રમ્પે તેના નિવેદનમાં જણાવ્યું હતું.

બિટકોઈન તથા એથરમ આ રિઝર્વના મુખ્ય અંશ હશે. બિટકોઈન તથા એથરમ માટે મને આકર્ષણ છે એમ તેમણે ઉમેર્યું હતું. ટ્રમ્પની જાહેરાત બાદ ક્રિપ્ટોસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૩.૦૮ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ હતી. ક્રિપ્ટો કરન્સીસને માન્યતા આપી અમેરિકન સરકાર ક્રિપ્ટોકરન્સીસને નાણાંકીય તથા આર્થિક માળખામાં જોડી રહી છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. જો કે અન્ય એક વિશ્લેષકે ક્રિપ્ટો રિઝર્વ અપેક્ષા કરતા ધીમી ગતિએ ઊભુ થશે તેવો મત વ્યક્ત કર્યો હતો.

રિઝર્વમાં ક્રિપ્ટોસના સમાવેશ સંબંધિત ટ્રમ્પનું નિવેદન ક્રિપ્ટો માર્કેટમાં એક પોઝિટિવ સ્થિતિ બનાવશે એમ અન્ય એક એનાલિસ્ટે જણાવ્યું હતું. દરમિયાન શુક્રવારે મળી રહેલી પ્રથમ વ્હાઈટ હાઉસ ક્રિપ્ટો સમિતમાં પણ ક્રિપ્ટો માર્કેટસ બાબતે પ્રકાશ પડાશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે.

# ભારતના રિટેલ માર્કેટમાં શાનદાર વૃદ્ધિની આશા ૨૦૩૪ સુધીમાં રૂ. ૧૯૦ લાખ કરોડે પહોંચશે



અમદાવાદ : ભારતનું રિટેલ માર્કેટ ૨૦૧૪ના રૂ. ૩૫ લાખ કરોડથી વધીને ૨૦૨૪ સુધીમાં ૮૨ લાખ કરોડને આંબી ગયું છે. છેલ્લા એક દાયકામાં રિટેલ બજાર વાર્ષિક ધોરણે ૮.૯ ટકાના દરે વધ્યું છે. આ ઝડપી વૃદ્ધિ પાછળ ભારતનો મજબૂત આર્થિક વિકાસ દર અને ઝડપથી બદલાતા ગ્રાહક વર્તનને મુખ્ય કારણો માનવામાં આવે છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ (બીસીજી) અને રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત 'વિનિંગ ઈન ભારત એન્ડ ઈન્ડિયા: ધ રિટેલ કેલિડોસ્કોપ' રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

રિપોર્ટઅનુસાર, ભારતનું રિટેલ માર્કેટ આગામી ૧૦ વર્ષમાં બમણાથી વધુ વધીને ૨૦૩૪ સુધીમાં રૂ. ૧૯૦ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ભારતની વૈવિધ્યસભર વસ્તી અને બદલાતા ગ્રાહક વર્તનને અનુરૂપ બનવા સક્ષમ કરતા રિટેલર્સને આ વૃદ્ધિનો મહત્તમ ફાયદો મળશે. ભારતમાં વિવિધ ગ્રાહક જૂથોની જરૂરિયાતો અલગ અલગ હોય છે અને એક જ શહેરમાં પણ ગ્રાહકોની પસંદગીઓ અલગ-અલગ હોઈ શકે છે. આવી સ્થિતિમાં રિટેલ કંપનીઓએ આ વિવિધતાને સમજવી પડશે, યોગ્ય તકો ઓળખવી પડશે અને 'નવા ભારત' અને 'ન્યૂ ઈન્ડિયા' બંનેમાં પોતાની હાજરી અસરકારક રીતે વધારવા માટે વ્યૂહરચના બનાવવી પડશે.

ડિજિટલી કુશળ ઝનરેશન ઝેડ મિલેનિયલ્સ અને ૪૫થી વધુ વય જૂથના ગ્રાહકો સાથે મળીને નવા શોપિંગ સાયકલને આકાર આપી રહ્યાં છે. વધુમાં, મહિલા કાર્યબળની ભાગીદારી વધતી જતી હોવાથી ખરીદીની નવી રીતો વિકસી રહી છે. રિપોર્ટ દર્શાવે છે કે ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન શોપિંગ ઝડપથી વધી રહ્યા છે, જેના કારણે ઓમ્નિચેનલ સ્ટ્રેટજી અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. જોકે, આજે પણ ભારતમાં ૫૮ ટકાથી વધુ ખરીદી સંપૂર્ણપણે ઓફલાઈન થાય છે. આ કારણે રિટેલ કંપનીઓએ ડિજિટલ અને ભૌતિક ફિઝિકલ બંનેનું યોગ્ય મિશ્રણ અપનાવવું પડશે.

### રાજ્યની ચારેય સરકારી વીજ કંપનીઓને કેન્દ્રીય વીજ મંત્રાલય દ્વારા રેટિંગ અપાયું

# રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રૂ. ૫૮૩.૩૪ કરોડના ખર્ચે કુલ ૧૦.૫૦ લાખથી વધારે પરિવારોને ઘર વપરાશનાં વીજજોડાણો આપવામાં આવ્યા: ઊર્જામંત્રીશ્રી



ગાંધીનગર,

રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં સરકારી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન અને વીજ વિતરણની સુચારુ કામગીરી અને સુદૃઢ વીજમાળખાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની ૪૨ સરકારી વીજ વિતરણ કંપનીઓમાંથી ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીને રેટિંગ મળ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય, જ્યારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની પાંચમા ક્રમે આવે છે.

રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલાં વીજ જોડાણો અંગેની વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે વર્ષ ૧૯૯૭થી અમલી થયેલી આ યોજના હેઠળ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં આશરે રૂ. ૫૮૩.૩૪ કરોડના ખર્ચે કુલ ૧૦,૯૬,૫૮૧ જેટલા પરિવારોને ઘર વપરાશનાં વીજજોડાણો આપવામાં આવ્યા છે.જે અંતર્ગત કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણની માહિતી આપતાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જિલ્લાના વિવિધ તાલુકાના ૧૪૧૯ લાભાર્થીઓને કુલ રૂ.૬૫.૪૩ લાખના ખર્ચે વીજજોડાણ આપવામાં આવ્યાં છે.આ અંગે મંત્રીશ્રીએ માહિતી આપતાં જણાવ્યું કે રાજ્યના તમામ વિસ્તારના કોઈ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થીઓ પૈકી શહેરી વિસ્તારમાં રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતાં તથા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓ આ યોજના હેઠળ ઘર વપરાશનું વીજજોડાણ મેળવી શકે છે.આ યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણ માટે લેવા માટે અરજદારો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયત કચેરીએ, જ્યારે શહેરી વિસ્તારોમાં નગર પાલિકાએ નોંધાવેલી અરજી વીજ વિતરણ કંપનીની સંલગ્ન ક્ષેત્રીય કચેરી દ્વારા અરજદારનો સંપર્ક કરી, જરૂરી દસ્તાવેજો મેળવીને વીજ જોડાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

# પીએમ સૂર્યઘર યોજનામાં ૪૦ ટકા યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ

ગાંધીનગર,

વિધાનસભા ગૃહ ખાતે "પીએમ કુસુમ યોજના" અંગે સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પીએમ કુસુમ યોજના હેઠળ ખેતરમાં સોલાર પંપ સ્થાપિત કરવાથી સિંચાઈ માટે ખેડૂતોની પરંપરાગત વીજળી પરની નિર્ભરતા ઘટશે. સાથે જ, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાથી પર્યાવરણને અનુકૂળ સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં પણ મદદ મળશે.આ સંદર્ભે મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, પીએમ કુસુમ યોજના હેઠળ ૭.૫ હોર્સ પાવરની ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા આધારિત - સોલાર પંપ સ્થાપિત કરવા માટે ભારત સરકાર તરફથી કુલ ખર્ચના ૩૦ ટકા અને રાજ્ય સરકાર તરફથી ૩૦ ટકા મળી, કુલ ૬૦ ટકા સબસીડી આપવામાં આવે છે. જ્યારે, બાકીનો ૪૦ ટકા ખર્ચ ખેડૂતોએ કરવાનો રહે છે. આ યોજના હેઠળ આપવામાં આવતી વધારાની સહાય અંગે મંત્રી શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યના જંગલ વિસ્તારના ખેડૂતોને પીએમ કુસુમ યોજના હેઠળ સોલાર પંપ સેટ આપવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, કોઈ ખેડૂતને વીજજોડાણ આપવા માટે વીજલાઈન વન વિસ્તારમાંથી પસાર કરવાની થાય અથવા પરંપરાગત વીજજોડાણ આપવું શક્ય ન હોય,`ના ફિક્સ ચાર્જ ભરવામાંથી પણ મુક્તિ આપવામાં આવે છે.

# અમદાવાદના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલ યુવક સામે ફરિયાદ

અમદાવાદ,

બીજીવાર અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઘણા બધા મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા જેમાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોનો દેશનિકાલ પણ કરવામાં આવ્યો છે ત્યારે હવે, અમદાવાદના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલ યુવક સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ગાંધીનગરના કલોલના રહેવાસી મૂળ નામ જીગ્નેશ જગદીશ પટેલ વસીમ ખલીલ નામના પાસપોટથી કેનેડા થઈ અમેરિકા ગયો હતો. અમેરિકાથી પરત અમદાવાદ આવતા ઈમિગ્રેશન વિભાગે પોલીસને જાણ કરી હતી.

કોઈ પણ દેશમાં ગેરકાયદેસર રીતે જવું તે એ દેશના કાયદા પ્રમાણે ગેરકાનૂની છે. અત્યારે આ લોકો કેવી રીતે ગયા તેને લઈને પણ અનેક સવાલો થઈ રહ્યાં છે.

# ગુજરાત એટીએસે ફરીદાબાદ એસટીએફની મદદથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી

ગુજરાત એટીએસના અધિકારીઓ અને ફરીદાબાદ એસટીએફની મદદથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે જેના પર આતંકવાદી સંગઠનો સાથે જોડાણ હોવાની શંકા છે. શંકાસ્પદ પાસેથી ૨ હેન્ડ ગ્રેનેડ મળી આવ્યા હતા, સુરક્ષા એજન્સીઓએ ફરીદાબાદમાં હેન્ડ ગ્રેનેડને ડિફ્યુઝ કર્યા હતા. તપાસમાં રામ મંદિરને નિશાન બનાવવાનું કાવતરું બહાર આવ્યું. અબ્દુલ રહેમાન યુપીનો રહેવાસી છે, જેની રવિવારે (૦૨ માર્ચ, ૨૦૨૫) ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત છ્જી શંકાસ્પદ વ્યક્તિને ગુજરાત લઈ ગઈ અને તેની પૂછપરછ ચાલુ છે. રેડિકલ સામગ્રી પણ મળી આવી છે, જે આતંકવાદી ગતિવિધિઓની પુષ્ટિ કરી શકે છે.આ મામલે સૂત્રોના જણાવ્યા અનુસાર, અબ્દુલ રહેમાનૈજૈં ના સંપકર્માં હતો અને અનેક જમાતો સાથે સંકળાયેલો હતો. તે ફૈઝાબાદમાં મટનની દુકાન ચલાવતો હતો અને ઓટો ડ્રાઈવર તરીકે પણ કામ કરતો હતો. ષડયંત્રના ભાગ રૂપે, તેણે અયોધ્યામાં રામ મંદિરની ઘણી વખત રેકી કરી અને બધી માહિતી પાકિસ્તાનનીૈજૈં સાથે શેર કરી. અબ્દુલ ફૈઝાબાદથી ટ્રેન દ્વારા ફરીદાબાદ પહોંચ્યો અને એક હેન્ડલર પાસેથી હેન્ડ ગ્રેનેડ લીધા, જેની સાથે તે અયોધ્યા પાછો જવાનો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 0101**
વિષય:આપની મનપસંદ રચના
શીર્ષક : નમામિ નર્મદા મૈયા
પ્રકાર: ભક્તિ ગીત શબ્દો: ૮૭

નમામિ નર્મદા મૈયા સકલ સિધ્ધીદાતા,
થયો રેવાખંડ પાવન મૈયા તું જલદાતા,
સુરાસૂર પૂજે ચરણ મૈયા તું મોક્ષદાતા,
વિલાસગતિરૂપ સુશોભિત મૈયા સુખદાતા.

પર્વતની ઘાટીઓ અને વનોમાંથી વહેતી,
શુક, મયૂર, હંસાદિ વડે સેવાયેલી રહેતી,
અનંતગુણ શોભિત શિવબ્રહ્માદિ સ્મરેતી,
નિતંબરૂપી તટવાળી સુંદરી નર્મદા પૂજયેતી.

સાતપુડાની શક્તિ મૈયા તું વિંધ્યવાસિની,
પ્રાણ ધરાની મૈયા તું અન્નપૂર્ણા સન્માનિની,
પાપહરનારી પુણ્ય કૃપાજલધિ સુખદાયિની,
સ્વભાવવીજયી મૈયા પ્રેમ, વિશ્વાસદાયિની.

તું છે સનાતન મૈયા પુરાતન તારી છે પાવનકથા,
જેણે કર્યો યુગબોધ જીવનને નવો એક સર્વથા,
સતત પૂજયે હરિતસલિલ મકરવાહિની નર્મદાકથા,
અદભુત ચરિત્ર તારું નમન હો નર્મદા સર્વત્ર સર્વથા.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★શીર્ષક:- "પાનખર કેમ આપી ?"★
★પ્રકાર:- પદ્ય, શબ્દો:- ૧૧૮★
હે ઈશ, વસંતની ચાહત હતી ને પતઝડ રૂપે ★"પાનખર કેમ આપી ?"★
સદૈવ મિલનની અપેક્ષા હતી ને જુદાઈની આ બૌછાર કેમ આપી ?
હે ઈશ.........
મુજ ગૃહ મધુર મધુર કલરવથી ખુશીઓ રૂપે ગુંજતું હતું,
મારું મન આનંદોલ્લાસથી તરબતર થઈને મસ્તીથી ઝુમતું જ હતું,
આવા માળાને આટોપી લેવાની બેરહેમ મતિ કેમ સૂઝી ?
હે ઈશ.......
અન્યોન્ય પ્યાર,ખુશીઓથી સૌ હર્ષિલાં બનીને જીવતાં ' તાં જિંદગી,
એવી થપાટ લાગી કાળ કેરી,ને છીનવાઈ ગઈ છે ચાર જિંદગી,
અધૂરા શ્વાસ છીનવી લઈને,એમના ઉચ્છવાસની દોરી કેમ કાપી ?
હે ઈશ........
મુજ નીડને વેરવિખેર કરીને દર્દો - ગમની આવી રફતાર જ શાને ?
મુજ ભાગ્યને આમ જ દુર્ભાગ્ય કર્યું તો તારાં અસ્તિત્વને કોણ માને ?
★"પંકજની"★- ફરિયાદ છે, ★"પ્રસન્નચિત્તમાં બોલ,આવી પાનખર કેમ આવી ?"★
હે ઈશ.......
★મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : આપની મનગમતી ગદ્ય પદ્ય રચના
શિર્ષક : સાચું સગપણ
પ્રકાર : લેખ શબ્દો : ૩૨૫

આમ જુઓ તો સંબંધોની માયાજાળ મનુષ્યના જન્મ લેવાની સાથે જ શરૂ થઈ જાય છે. સૌથી કઠિન તો છે સાચા સગપણને ઓળખવાનો. જેની સાથે જ્યારે સંબંધ બંધાય ત્યારે તે વ્યક્તિમાં રહેલી સારી નરસી દરેક આદતો સાથે જ થયેલો સ્વીકાર. જો સંબંધને કાયમી બાંધવો હોય તો તેને માટે ઘણું બધું જતું કરવું પડે.

બીજી બાજુ જોઈએ તો એવો પણ વિચાર આવે કે, શું સંબંધમાં બધી પ્રશંસનીય બાબત જ હોવી જોઈએ? જેમ જેમ વ્યક્તિની નજીક જઈએ તેમ તેમ તેનામાં રહેલી ખૂબીને બદલે ખામી વધુ દેખાવા લાગે એવું પણ બને. બેથી વધુ વ્યક્તિઓનું સમયાંતરે મળતા રહેવું, પહેલા અચાનક મળ્યા પછી એમ લાગે કે આ તો મળવા જેવા માણસ છે! ફરીથી જ્યારે દિલથી મળીએ ત્યારે સંબંધ પ્રસ્થાપિત કર્યો કહેવાય.પછી એ જ પ્રસ્થાપિત થયેલા સંબંધને 'યેન કેન પ્રકારેણ' સાચવવાની પરાકાષ્ઠા સુધી પહોંચવા પ્રામાણિક પ્રયત્નો જીવનભર કરવાના. દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરીને પણ સંબંધોની સાચવણી કરવામાં આવે છે.

જ્યારે સંબંધો અને લાગણીઓ સચવાઈ જાય ત્યારે એક અલૌકિક અનુભૂતિ કરાવે છે આપણને આજીવન!
અમૂક સંબંધોને આપણે સ્થાપવા નથી પડતાં, પરંતુ કંઈક વિશેષ રુપે સાચવવા તો પડે જ છે. દરેક વ્યક્તિનો સ્વભાવ 'તુંડે તુંડે મતિર્ભિન્ના'. છતા દરેકની આગવી ઓળખને ધ્યાનમાં રાખીને જો સંબંધોની સાચવણી કરવામાં આવે તો તે સ્વયંસિધ્ધિ જ કહેવાય.

એક નાનકડા ઉદાહરણ દ્વારા સમજાવી શકાય કે,એક ગામમાં પોતાની શેરીમાં બાળકો બૉલ રમતા'તા.શાળામા રજા હોવાથી બધાં મસ્તીનાં મૂડમાં હતાં.અચાનક કોઈ એક બાળકને માથામાં બૉલ વાગ્યો.બસ, પછી તો પૂછવું જ શું? એકબીજા પર દોષ!એ બાળકના મા-બાપ પણ ન બોલાય એવું જોર જોરથી બોલવા લાગ્યા.આ લડવાઢને કારણે ઈજા પામેલા બાળકને તો કોઈ જોતું પણ ન હતું.'કોઈ ડૉક્ટરને બોલાવો' બધાં એકબીજાને સૂચના આપવા લાગ્યા.થોડી જ વારમાં એક ડૉક્ટર આવી ગયા અને બાળકને પાટાપીંડી કરી પછી બાળક રમતો પણ થઈ ગયો.હવે યક્ષપ્રશ્ન એ હતો કે ડૉક્ટરને બોલાવ્યા કોણે? કોઈ બોલ્યું કે સામે રહે છે તે શ્યામભાઈએ! એકદમ સોપો પડી ગયો હતો.એ માણસ કદી કોઈની સાથે ઝાઝી વાત ન કરતો. હંમેશા અળગો રહેતો.પણ આજે એણે વગર બોલ્યે ખરા અર્થમાં સંબંધ સાચવી જાણ્યો. સો વાતની એક વાત, અણી વખતે એકબીજાને સાચવી જાણે એ જ સાચું સગપણ.
અસ્તુ◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**★NOG SS No.167***
★વિષય:-"મન ગમતી રચના"★
★શિર્ષક;- "શ્રવણને જો સમજાય તો..."★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૯૪★
શ્રવણને જો સમજાય તો, માબાપની છે દુનિયા,
બંને ત્રાજવે જો તોળાય તો, યાત્રાની છે દુનિયા.

શબ્દોને સહારે વાતો કરવી, ઘણાં તર્ક વિતર્કથી,
જો મળે મોકળું મેદાન, તો વિવેચકની છે દુનિયા.

ખોવાયા રિલ્સમાં, તડપી દમ તોડતા લોકો આજે,
જાણે લાગતી લાગણી વિહીન,લોકોની છે દુનિયા.

શબ્દ તો શબ્દ છે, બે બાજુએથી સ્પષ્ટ બોલતો,
ઉઠે જો ભાવ શબ્દો તણાં, મહેફિલની છે દુનિયા.

ધરા પર ફેલાતા રહે છે, ઉષા-સંધ્યા તણાં સપ્તરંગો,
મળી જાય ભળી જાય રંગો, તો આપણી છે દુનિયા.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય:- મનગમતી રચના
શીર્ષક:- માણસે માણસે ફેર છે
પ્રકાર :- પદ્ય / શબ્દો:- ૮૧

માણસે માણસે ફેર છે આ સંબંધોની ઢેર છે,
કોઈ સાચા કોઈ ખોટા કોઈ વ્હાલાને વેર છે.

હજુય ક્યાં સમજાય આ માણસ છે માણસ
મતલબ માટે મહેમાન બાકીતો ઠેર ના ઠેર છે.

મારુ મારા બાપનુ ને તારા માં મારો ભાગ છે,
લેવાંમાં તો લીધા જ કર્યુ આપવામાં ખેર છે.

સ્વાર્થ હતો સારુસારુ પછી થૈગ્યું ખારું ખારું,
આમતો હતી ભલીભોળી અંદર કાળો કૅર છે.

માણસે માણસે ફેર છે કોઈ હાજર કોઈ ઘેર છે,
કામ કરતાં માંદો માંદો નહી તો લીલા લહેર છે.

અમૃત શ્રીમાળી ....રમામૃત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:- 168**
વિષય:- મનગમતી રચના
શીર્ષક:- ઈશ્વર કહે
પ્રકાર:- પદ્ય ? શબ્દ ૯૩

શું કહું, શું નાં કહું... કોને દિલની વાત કરું,
કોનાં કાને વાત પહોંચાડુ, કોન સાંભળશે.!

છે સહું અલમસ્ત, પોત પોતાની મસ્તીમાં,
નથી સમય કોઈની પાસે, કોઈનાં માટે.!

તું રહેજે અલમસ્ત પોતાની ફકીરીમાં,
યાદ કરજે મને તું, હું છું તારાં માટે...

આ છે નશ્વર દુનિયા, શું જાણે કોઈનું દુઃખ,
દુઃખ પહોંચાડે કષ્ટ પહોંચાડે માનવ મેદની ને..
તો શું સાંભળશે તારું તારાં માટે.!
છે વિકલ્પ ફક્ત એક, તું મને યાદ કરજે..
હજરા હજૂર હર ઘડી હર પળ હું હાજર છું,
હું રહું છું તારી પાસે, સદા તારા દિલ મા..

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષય:"આપની મનપસંદ ગધ્ય પધ્ય રચના" શીર્ષક:"પાનખર થી વસંત તરફ". પ્રકાર:પધ્ય. શબ્દો:૧૧૨
જેને તમે માન્યાં છે પોતાનાં,કે જે તમને ન માને પોતાનાં,તેમની સાથે રહેવું કાંઈ સહેલું નથી,
પ્રેમ નાં જળ ના મળે તો ઝાંઝવા નાં જળ પાછળ દોડવું કાંઈ સહેલું નથી.
જેની સાથે જિંદગી ને જોડી તેને તોડી ને જવું કાંઈ સહેલું નથી.
મન બીજાં સાથે જોડાયેલ હોય અને તન બીજાં સાથે,તે રીતે જીવવું કાંઈ સહેલું નથી.
ત્રાજવાં
આભાર - નિહારીકા રવિયા નાં એક પલ્લા માં મા-બાપ અને બીજા પલ્લા માં પત્ની ને બેલન્સ રાખી ને જિંદગી જીવવી કાંઈ સહેલું નથી.
પાનખર જેવી બનાવેલ જિંદગી ને નવપલ્લવિત કરી વસંત સમ બનાવી જિંદગી ની બાજી પલટવી કાંઈ સહેલું નથી.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NO?G SS NO- 382**
વિષય- "મનગમતી પદ્ય રચના''
રચના : પદ્ય શબ્દ- ૮૦
?પપપપપપપ..
વસંતના વ્હાલપ
આ મ્હેંક્યા વસંતના વ્હાલ
કે સહિયર શું કરીએ
આ મ્હેંદી મૂકી હાથ
કે સહિયર શું કરીએ

આ નીકળ્યાં ઝરણાં તોડી પહાડ
ને વાગી વાંસલડી રે વાટ
કે સહિયર શું કરીએ

આ ફૂલે મઢ્યા ગાલ
કે સહિયર શું કરીએ
આ આભે ખીલ્યો ચાંદ
ને ફાગણ ખેલે ફાગ
કે સહિયર શું રમીએ

આ કોટે વળગ્યા વહાલ
કે સહિયર શું કરીએ
આ યૌવનનો ઉભરાટ
ને કોયલ બોલે ઊંચે ડાળ
કે સહિયર શું કરીએ

આ મ્હેંદી મૂકી હાથ
ને ખૂલ્યાં પ્રેમનાં દ્વાર
કે સહિયર સાથ રમીએ(૨)

રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**
વિષય: મન ગમતી પદ્ય રચના
શિર્ષક: યાદોં ની મહેફીલ
પ્રકાર : પદ્ય શબ્દો: ર્

હું મારી યાદો ની મહેફીલ માં
જામ ભરી ને બેઠો છું

હું મારા રૂદય માં ઊંડા જખ્મ ભરી ને બેઠો છું

તું રોજ બરોજ સરનામે મુકામ ન કર મારા
કેમ કે મેં મારી જીંદગી માં ચડાવ ઉતાર બહુ જોયા
હવે ઠરીઠામ થય ને બેઠો છું
હું ખુદ ખુદા પાસે જયને ભેટ સૌગાત લય ને બેઠો છું

એક મસ્ત મજા નો પૈગામ લય ને બેઠો છું
અરે પુનમ નો ચાંદ તો તમે જોયો હશે
હું અમાસ ની રાત લય ને બેઠો છું

ઓલા કબ્ર માં પડેલા શબ જય ને પુછો
હું વારંવાર મુલાકાત લય ને આવી યો છુ
મરવા નું તો બધા ને નિશ્ચિત છે પણ હું મરણ ની જાત લય ને આવી યો છુ

હું એટલું જ કહું શુ કે જેમ તુટેલા
પીયાલા માં જામ નથી આવતો
તેમ ઈશ્ક કરવા વાળા ને આરામ નથી આવતો
તને જો મારૂં દિલ તોડવું જ હતું
સોચ સમજી ને તોડવું હતું
કેમ કે આ તુટેલું દિલ કોય ને કામ નથી આવતું
અરે મધ્ય રાત્રે ની મસ્ત મજા ની મહેફીલ માં આ પથીક એક જખ્મ રૂપી જામ ભરી ને બેઠો શે
પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

# એક કુશળ માળી - સંત રાજીન્દર સિંહજી મહારાજ

આપણી પૃથ્વી પર બહુ જ જંગલી વૃક્ષો -છોડ તથા બાગ બગીચા પ્રકૃતિના સંરક્ષણમાં ફૂલે-ફૂલે છે પરંતુ તેમની સુંદરતા જાળવી રાખવા માટે એક માળીની જરૂરત હોય છે. ફૂલો થી ભરેલા બગીચાઓ અને ઔષધીઓથી ભરેલી વનસ્પતિ, સાર્વજનિક તેમજ ઘરેલું બગીચાઓ ની સુંદરતા જાળવી રાખવા માટે એક કુશળ માળીની પ્રેમ ભરી દેખભાળ ની આવશ્યકતા હોય છે જેથી કરીને ત્યાં આવવા વાળા વ્યક્તિઓને એક ખુશ્બુદાર અને મનમોહક વાતાવરણ મળે તથા તેનો તેઓ ફાયદો ઉઠાવી શકે.

ઠીક તે જ પ્રકારે જો આપણે સદા -સદા નો આનંદ મેળવવા ઈચ્છીએ છીએ તો આપણે આપણા શરીરના સિવાય પોતાની આત્માને પણ હરિ-ભરી



રાખવું પડશે. પોતાની આત્માના સંરક્ષણ અને દેખભાળ માટે આપણે એક કુશળ માળી અર્થાત સદગુરુ ની આવશ્યકતા હોય છે કેમકે આપણી આત્મા યુગોયુગોથી પિતા પરમેશ્વર થી અલગ હોવાથી મુરજાય ગઈ છે.

આપણી આત્માના સદગુરુ રૂપી માળી જેને આપણે સંત મહાપુરુષો કહીએ છીએ, તેઓ આપણને સમજાવે છે કે આપણે આપણી આત્મારૂપી બીજને કેવી રીતે એક ભવ્ય અને ખુબસુરત ફુલના સ્વરૂપમાં વિકસાવી શકીએ છીએ જેવું કે પ્રભુ ઈચ્છે છે તેના માટે તેઓ આપણને સદગુણોને આપણી જિંદગીમાં ઢાળવાની પ્રેરણા આપે છે જેથી કરીને આપણી આધ્યાત્મિક ઉન્નતી ની જમીન તૈયાર થાય અને આપણી અંદર પ્રેમ, કરુણા તથા દયા ભાવના ફૂલ ખીલે જેનાથી તેની ખુશ્બુ થી બીજા નું જીવન પણ મહેકી ઊઠે.

માળી રૂપી આવા સંત મહાપુરુષો આપણે આત્માને પ્રભુ પાસે પરત લઈ જવાનો રસ્તો શીખવા માટે હંમેશા આવે છે. તેઓ સ્વયં પ્રભુથી એક ને એક હોય છે અને આપણને ધ્યાન અભ્યાસ દ્વારા પ્રભુ થી જોડવાનો રસ્તો શીખવે છે જેના દ્વારા આપણે પણ તે જ અનુભવ પ્રાપ્ત કરી શકીએ કે જેનાથી આપણી આત્મા સદા સદા માટે હરી-ભરી થઈ જાય અને તેમાં ક્યારેય કોઈ પાનખર ના આવે. કેવળ એક સદગુરુ માળી જ આપણી આત્માને પોતાની દયા મહેરથી તેની સુંદરતાને જાળવી રાખે છે જેથી આપણે આપણી અંદર પ્રભુ પ્રેમનો અનુભવ કરીએ તથા પોતાની આત્મા પરમાત્મામાં લીન કરાવવા નો વાસ્તવિક ઉદ્દેશ્ય ને આ જ જીવનમાં પૂરો કરી શકીએ.

# ૩ માર્ચ વિશ્વ વન્ય જીવન દિવસ

માટે ૧૧૯મી મન કી બાત માં આદરણીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ નો સંદેશ ખુબ મહત્વ ની વાત કરવામાં આવેલી જેનું દરેક નાગરિક માટે ધ્યાન ખેંચનાર વક્તવ્ય હતું જેમાં ભારત દેશ દુનિયાનો એવો દેશ છે કે અહીં સૌથી વધુ પ્રજાતિઓમાં વિવિધતા જોવામળે છે ખાસ કરીને એશિયાઈ સિંહ , એક શીંગી ગેંડો , સુંદર વન ના વાગ, લાલ હરણ આ પ્રજાતિઓ આજે લુપ્ત થતી જાય છે તેન સંરક્ષણ માટે પ્રથમ દરેક દેશવાસી તેના માટે સહિયોગી બને અને આ અમૂલ્ય કુદરતી સંપત્તિઓ અને પ્રણીઓના રહેઠાણ ને ખલેલ ન પહોંચાડે . તેના ચામડા ,નખ ,શીંગડા જેવી વસ્તુઓ મેળવવા તેનું મારણ કરે છે અંતે તે પ્રજાતિ નો નાશ થાય છે તેને કેમ કરી બંધ કરવી તેની સાચી સમજ આપણે કેળવીએ અને આવનારી પેઢી માટે અમુક પ્રણીઓ ના ફોટા થી સમજાવવું પડે તેવી સ્થિતિ ના આવે તેનું પૂરતું ધ્યાન આપી આવી પ્રવૃત્તિને અટકાવીએ .

ભારતની વનસ્પતિ વિશ્વની સૌથી ધનિક પ્રજાતિઓમાંની એક છે કારણ કે દેશની આબોહવા, ભૂસ્તરશાસ્ત્ર અને પર્યાવરણની વિશાળ શ્રેણી ધરાવે છે. ભારતમાં ફૂલોના છોડની ૧૫,૦૦૦ થી વધુ પ્રજાતિઓ છે જે વિશ્વની તમામ વનસ્પતિ પ્રજાતિઓના ૬% હિસ્સો ધરાવે છે ભારત, એક મહાવિવિધતા ધરાવતો દેશ, જે વિશ્વના માત્ર ૨.૪% ભૂમિ વિસ્તાર ધરાવે છે, તે તમામ નોંધાયેલી પ્રજાતિઓના ૭-૮% હિસ્સો ધરાવે છે, જેમાં ૪૫,૦૦૦ થી વધુ વનસ્પતિ પ્રજાતિઓ અને ૯૧,૦૦૦ પ્રાણીઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. ૧૦૦ સસ્તન પ્રાણીઓ અને ૧૫૦ પક્ષીઓ લુપ્તપ્રાય હોવાનો અંદાજ છે. ભારતમાં, ૪૫૦ વનસ્પતિ પ્રજાતિઓને લુપ્તપ્રાય પ્રજાતિઓ તરીકે ઓળખવામાં આવી છે. ૧૦૦ સસ્તન પ્રાણીઓ અને ૧૫૦ પક્ષીઓ લુપ્તપ્રાય હોવાનો અંદાજ છે. ભારતની જૈવવિવિધતા મુખ્યત્વે આના કારણે જોખમમાં છે.

ગીધની મુખ્ય પ્રજાતિઓની વસ્તીમાં ગંભીર ઘટાડો થવાને કારણે સંરક્ષણની જરૂરિયાતને પૂરતી કરવા સેમિનારો યોજીને સમજાવવામાં આવે છે પ્રોજેક્ટ ટાઈગર એ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા કેન્દ્રિય રીતે પ્રાયોજિત યોજના છે. આ યોજના વાઘની વસ્તી ધરાવતા ૧૭ થી વધુ પ્રદેશોમાં સ્થિત લગભગ ૪૭ વાઘ અભયારણ્યોને આવરી લે છે. પ્રોજેક્ટ ટાઈગર મુખ્યત્વે વાઘની સંખ્યા, તેમના રહેઠાણ, શિકાર કરવાની આદતો વગેરેનું મૂલ્યાંકન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એશિયાઈ સિંહ તેના આફ્રિકન સિંહ નાનો છે, જેની પૂંછડી મોટી હોય છે અને પેટનો એક અલગ ભાગ હોય છે. નામ સૂચવે છે તેમ, એશિયાઈ સિંહ ઐતિહાસિક રીતે દક્ષિણ-પશ્ચિમ એશિયાથી પૂર્વ ભારતમાં રહેતો હતો. પરંતુ હવે, આ પ્રજાતિની સંપૂર્ણ વસ્તી ફક્ત ભારતમાં જ મળી શકે છે અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને ગુજરાતના આસપાસના વિસ્તારોમાં જ મર્યાદિત છે. ૨૦૧૦ થી ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (ૈંઝ્રદ્ગ) દ્વારા લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે સૂચિબદ્ધ, એશિયાઈ સિંહ દેશમાં ફક્ત ૫૦૦-૬૫૦ જ બચ્યા છે. જ્યારે આ પ્રાણી મોટે ભાગે ગીર જંગલ સુધી મર્યાદિત છે.

આમ , અનેક એવા પ્રણીઓ અને પક્ષીઓ તથા વનસ્પતિઓ ને ગ્લોબલવૉમિંગ ની અસરો થવાના કારણે અને રહેઠાણ ના કારણે પ્રજાતિઓનું લુપ્ત થવાનું જોંખમ વધી રહ્યું છે તે માનવ સમૂહ માટે મોટો પડકાર છે તેને વન અધિનિયમ ને સમજીને અનુસરણ કરી દુર્લભ પ્રજાતિઓનું રક્ષણ કરવું તે આપણી નૈતિક ફરજ છે . ★ડો સતિષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક " અમદવાદ .

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં અંદાજીત રૂ. ૫૮૮ કરોડના ખર્ચે ૨૦૦૦ થી વધુ બેડની ક્ષમતા ધરાવતી નવીન હોસ્પિટલ નિર્માણાધીન :- આરોગ્યમંત્રી



વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ધારાસભ્યશ્રી દિનેશસિંહ કુશવાહ દ્વારા અમદાવાદ સિવિલ મેડિસીટી કેમ્પસ ખાતે ચેપી રોગની હોસ્પિટલના નવા બાંધકામ સંદર્ભે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, જુના ઈન-ડોર બ્લોક વોર્ડ , બ્લોક છ થી ઢ , અને ઓલ્ડ ટ્રોમા સેંટરના જુના મકાનો તોડી તેના સ્થાને નવીન ઓપીડી, ૯૦૦ પથારીની નવીન જનરલ હોસ્પિટલ, ૫૦૦ પથારીની ઈન્ફેક્શ્યસ ડીસીઝ (ચેપીરોગના) દર્દીઓ માટે હોસ્પિટલ બાંધવાનું આયોજન હાથ ધરાયું છે.

મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વિશેષમાં જણાવ્યું હતું કે, આ કામગીરી માટે અંદાજીત કુલ રૂ. ૫૮૮ કરોડની વહીવટી મંજૂરી અપાઇ છે. જેમાં અત્યારસુધીમાં છેલ્લા ચાર વર્ષમાં તબક્કાવાર કુલ રૂ. ૨૩૬.૫૦ કરોડની બજેટ જોગવાઈ કરાઇ છે. નવી બનનાર ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલ તથા ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલમાં ૩૦૦ બેડ આઇ.સી.યુ. અને સ્પેશિયલ રૂમ, વી.આઇ.પી. રૂમ મળી કુલ ૨૦૧૮ બેડ હોસ્પિટલ ઉપલબ્ધ થશે .અંદાજીત દસ માળની આ નિર્માણાધીન આ હોસ્પિટલમાં ૫૫૫ ફોર વ્હીલર્સ અને ૧૦૦૦ ટુ વ્હીલર્સની ક્ષમતા ધરાવતું પાક'ગ, ચેપી રોગની અલાયદી ઓપીડી, ઓપરેશન થીયેટર તથા ૧૧૫ બેડ જેમાં ૧૫ બેડ ટી.બી ".ઝ઼ૌ. બેડ, ૩૦૦".ઝ઼ૌ. બેડ પૈકી ચેપી રોગના ૩૨".ઝ઼ૌ. , ૬૦ આઇસોલેશન રૂમની સુવિધા ઉપલબ્ધ બનશે. આ હોસ્પિટલમાં ન્યુમોનીયા, સેપ્શીસ, સ્થાનિક અને કોલેરા, એચ.આઇ.વી., ટાઈફોઇડ, ઝેરી કમળાના ટાઇપ એ અને ઇ, ઈન્ફ્લુએન્ઝા (સ્વાઇન ફ્લુ), હડકવા, કોવીડ-૧૯, જાપાનીઝ એન્સેફેલાઈટીસ, ટ્યુબર ક્લોસીસ જેવી સ્થાનિક કે વૈશ્વિક મહામારીઓ , કોંગો ફીવર, ઈબોલા, ઝીકા વાયરસ, યલો ફીવર જેવા અતિ ગંભીર ચેપી રોગો , કૃમિ, વેક્ટર બોર્ન રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ જેવા પેરાસાઈટીક ઈન્ફેકશન , ફંગસ જેવા કે મ્યુકોરમાઈકોસીસ, એસ્પરઝીલોસીસ, હીસ્ટોપ્લાઝમોડીયા , મલ્ટીપલ ડ્રગ રેસીસ્ટન?સ વાળા દર્દીઓને બેક્ટેરિયા અને વાઈરસથી થતાં ચેપી રોગો જેવા વિવિધ ચેપી રોગોની સારવાર ઉપલબ્ધ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ મેડિસીટીના માસ્ટર પ્લાન તથા બજેટમાં મંજૂર થયેલ કામો પૈકી અત્યારસુધીમાં કુલ રૂ. ૨૫૯૦ કરોડના ૩૫ કામો પૂર્ણ થયા છે તેમજ રૂ. ૧૩૧ કરોડના ૩ કામો પ્રગતિ હેઠળ છે અને રૂ. ૭૩૯ કરોડના કામો શરૂ થનાર છે. આમ સિવિલ મેડિસીટી ડેવલપમનેન્ટમાં અત્યારસુધીમાં કુલ રૂ. ૩૪૬૦ કરોડના ખર્ચે અત્યાધુનિક સેવા-સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

# CISF કોસ્ટલ સાયક્લોથોન યોજાશે




'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત' થીમ પર દેશના દરિયાકાંઠાની સુરક્ષાની જાગૃત્તિ ફેલાવવા પૂર્વ અને પશ્ચિમથી દક્ષિણ તટ સુધી સાયક્લોથોન



તા.૪-૩-૨૦૨૫ મંગળવારે સાંજે ૪-૦૦થી ૫-૦૦ દરમ્યાન શક્તિ કળશનું સ્વાગત,પૂજન અર્ચન,આરતી ઉત્સાહ શ્રધ્ધા પૂર્વક ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનોએ સમૂહમાં કર્યું હતું આથી સુવિદિત થાય કે ૧૦૮ કુંડીય શક્તિ સંવર્ધન ગાયત્રીમહાયજ્ઞનું ગાયત્રી પરિવાર શાસ્ત્રીનગર નગર નારણપુરા વિસ્તાર ખાતે આગામી તા.૯ એપ્રિલ ૨૦૨૫ થી તા.૧૨ એપ્રિલ ૨૦૨૫ સુધી શાંતિકુંજ હરિદ્વારના આશીર્વાદ માર્ગ દર્શનમાં આયોજન કરવામાં આવેલ છે.જે નિમિત્તે શક્તિ કળશના સ્વાગત દ્વારા અમદાવાદ શહેરમાં જન જાગૃતિ દ્વારા ગાયત્રીમહાયજ્ઞમાં લોકો ભાગીદાર થાય અને ભાગ લઈ શકે તે હેતુ પરિવારના પરિજનો સહયોગ કરી રહ્યા છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર ૩૦ ખાતે ગેરકાયદેસર ગેરેજોનું દબાણ દૂર કરાયું

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર રાખવાના મહાનગરપાલિકાના પ્રયાસોના ભાગરૂપે, આજરોજ એસ્ટેટ શાખા દ્વારા સેક્ટર ૩૦ ખાતે ગેરકાયદેસર ગેરેજોનું દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી સેનિટેશન શાખાના સહયોગથી કરવામાં આવી હતી.

સેક્ટર ૩૦ માં છેલ્લા ઘણા સમયથી ગેરેજોના ગેરકાયદેસર દબાણોમાં વધારો થઈ રહ્યો હતો, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ દબાણોને દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા અગાઉ પણ નોટિસો પાઠવવામાં આવી હતી, પરંતુ તેમ છતાં દબાણો યથાવત રહેતા,



આજરોજ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન, ગેરેજોનો ભંગાર માલસામાન અને કુલ ૧૦ જેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યો હતો. આ દબાણો દૂર થવાથી સેક્ટર ૩૦ વિસ્તારમાં રાહદારીઓ અને વાહનચાલકો માટે રસ્તો ખુલ્લો થયો છે, અને સ્થાનિક રહીશોએ પણ રાહત અનુભવી છે.

# ગુજરાત વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત"ની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ




ગુજરાત વિધાનસભા ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો "સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતામુક્ત ગુજરાત" જનસેવા અભિયાનમાં પ્રજાના પ્રતિનિધિઓને સહભાગી થવા અનુરોધ★

------

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તા.૪ માર્ચ - વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં નિયમ-૪૪ અંતર્ગત એક નિવેદન દ્વારા "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત"ની નેમ વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. આવા બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો આ બાબતની કાળજી રાખવામાં ન આવે તો આવા લોકો અનેક રોગોમાં સપડાય છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ સાધનાને તથા ફિટ ઈન્ડિયા માટે ખેલકૂદ અને પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે. તેઓ દેશવાસીઓને આ માટે અનેક મંચ પરથી પ્રેરણા પણ આપતા રહ્યા છે.આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ તેમના લોકપ્રિય રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના તાજેતરના એપિસોડમાં આ મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાર્યવાહી પર પણ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના જનહિતકારી કાર્યક્રમો અને પ્રજાલક્ષી આહવાનોને ગુજરાતે હંમેશા ત્વરિત અને ઉત્સાહપ્રેરક પ્રતિસાદ આપ્યો છે. તેમણે વધતી જતી મેદસ્વિતા અંગે જે ચિંતા વ્યક્ત કરી છે તે વિષયને પણ ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધો છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં કરેલા નિવેદનમાં કહ્યું કે, રાજ્ય સરકાર સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા કેવી રીતે ઓછી કરી શકાય એ માટે અભિયાન ચલાવશે. તેમણે કહ્યું કે, જો નાગરિકો પોતાના સ્વાસ્થ્ય વિશે ધ્યાન નહીં રાખે તો આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય તેવી શક્યતાઓ છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજ્ય સરકાર નાગરિકોને એમના સ્વાસ્થ્યની જાગૃતિ માટે તથા મેદસ્વીતાના નિયંત્રણ માટે પ્રેરિત કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સર્વાંગી વિકાસના વડાપ્રધાનશ્રીના ધ્યેયને હાંસલ કરવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભા ગૃહના સૌ ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓને "મેદસ્વિતામુક્ત ગુજરાત" અને સૌ નાગરિકોના જીવનને સ્વસ્થ-તંદુરસ્ત બનાવવાના જનસેવા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ પણ કર્યો હતો.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉૐ)ના જણાવ્યા અનુસાર મેદસ્વિપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

કોઈપણ વ્યક્તિની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે ૠૈં એટલે કે, બોડી માસ ઈન્ડેક્સનો આધાર લેવામાં આવે છે. ૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને ૩૦ કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

આ બી.એમ.આઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે દ્ગહ્લૐ-૫ (૨૦૧૯-૨૦૨૧) મુજબ ભારતમાં એકંદરે ૨૪% સ્ત્રીઓ અને ૨૩% પુરુષો વધુ વજન ધરાવતા અથવા મેદસ્વી છે. ગુજરાતના આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર રાજ્યમાં આ પ્રમાણ સ્ત્રીઓમાં ૨૨.૬ ટકા અને પુરુષોમાં ૧૯.૯ ટકાનું જોવા મળ્યું છે.

◦★સ્થૂળતા માટે મુખ્યત: જવાબદાર પરિબળો★◦

★ સ્થૂળતા એટલે કે મેદસ્વિતા માટે જંક ફૂડ, તળેલા ખોરાક, વધુ મીઠાશ અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન એવી અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ સમસ્યાઓ, કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો તેની પેઢી દર પેઢી સુધી અસર તથા અનિયમિત અને અપૂરતી ઊંઘ તેમજ માનસિક તણાવ જેવા મુખ્યત: પરિબળો જવાબદાર છે.◦

◦★અસરો★◦

★ આના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાક, શ્વાસ લેવામાં તકલીફ, સાંધાના દુ:ખાવા તેમજ ડિપ્રેશન જેવી બાબતોને કારણે આરોગ્ય સેવાઓ માટે વધુ પડતો ખર્ચ કરવો પડે છે.

◦★મેદસ્વિતા નિયંત્રણ અને નિવારણ ઉપાયો★◦

★ સ્થૂળતા-મેદસ્વિતાના નિયંત્રણ અને નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. ઉપરાંત નિયમિત કસરત, યોગ, ચાલવુ-દોડવું વગેરે ફાયદાકારક રહે છે.

★ એટલું જ નહિ, દરરોજ ઓછામાં ઓછી સાત-આઠ કલાક ઊંઘ લેવી પણ જરૂરી છે. તેમજ ધ્યાન, યોગ અને હળવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ટ્રેસ પણ ઘટાડવો જોઈએ.

◦★કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં★◦

★ કેન્દ્ર અને રાજ્ય સરકાર મેદસ્વિતા સામે ઈટ રાઈટ મુવમેન્ટ અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ દ્વારા સંતુલિત આહાર તથા આરોગ્યપ્રદ જીવનશૈલી માટે વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિ અંગે પ્રચાર પ્રસાર કરે છે.

★ એન.સી.ડી. અંતર્ગત રાજ્યભરમાં ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં લોકો માટે સમુદાય આધારિત સ્ક્રીનીગ અંતર્ગત કમરનો ઘેરાવો અને બોડી માસ ઈન્ડેક્ષની તપાસ કરવામાં આવે છે અને વધુ વજન તથા સ્થુળતા જણાય તેવા વ્યક્તિઓને જરૂરી સલાહ-સુચન અને સંદર્ભ સેવાઓ પુરી પાડવામાં આવે છે.

★ હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીશ જેવી સ્થૂળતાની જટિલતાઓ માટે ચકાસણી કરવામાં આવે છે અને નિદાન પામેલ દર્દીઓને નિ:શુલ્ક સારવાર અને સંદર્ભ સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે.

મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક વ્યક્તિ, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે.

# માણેકચોકનું ખાણીપીણી બજાર આજથી એક મહિના માટે બંધ

જો તમે અમદાવાદના માણેકચોકના રાત્રિ ખાણીપીણી બજારમાં ખાવા માટે જવાનું વિચારતા હોવ તો હવે તમને એક મહિના માટે માણેકચોકની ભાજીપાવ, પીઝા, ભેળ, આઈસ્ક્રીમ કે સેન્ડવીચ સહિતની ચીજવસ્તુઓ ખાવા મળશે નહીં. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ૫૦ વર્ષ પહેલા માણેકચોકમાં નાખેલી ડ્રેનેજ લાઈનના રિહેબિલિટેશનની કામગીરી કરશે. જેના કારણે રાત્રિ દરમિયાન માણેકચોક બજાર બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ અમદાવાદના માણેકચોક વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન ડ્રેનેજ લાઈનની કામગીરી કરશે, જે રાત્રિ દરમિયાન ચાલશે. જેના કારણે માણેકચોકમાં ખાણીપીણીની બજારની જગ્યામાં મશીનરી મુકી કામગીરી થશે. જેના કારણે રાત્રિના સમયે ચાલતી ખાણીપીણીની બજારને બંધ રાખવાની સૂચના આપી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના કોટ વિસ્તારમાં માણેકચોક અને આસપાસના વિસ્તારમાં ૫૦ વર્ષથી પહેલાંના સમયમાં ડ્રેનેજ લાઈન નાખવામાં



આવેલી હતી. આ લાઈન ત્યારબાદ બદલવામાં આવી નથી જેથી વર્ષો જૂની લાઈન હોવાના કારણે ત્યાં ગટર ઉભરાવવાની અને જર્જરિત થઈ ગઇ હોવાના કારણે કરોડો રૂપિયાના ખર્ચે આ લાઈનને રિહેબિલિટેશન કરવામાં આવી રહી છે. માણેકનાથ બાવાની સમાધિ ખાણીપીણી બજાર જે વચ્ચેના ભાગે ભરાય છે તે જ સ્થળ ઉપર ભારે મશીનરી મૂકી અને કામગીરી કરવામાં આવનાર છે. માણેકચોક પોલીસ ચોકીની બાજુમાં પાર્કિંગની જગ્યામાં જ્યાં લારીઓ ઉભી રહે છે ત્યાં પણ કામગીરી થશે જેના કારણે તેને પણ બંધ રાખવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.